NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

## પરિપત્ર

**જરૂરીઃ**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીનાં વડાઓને જણાવવાનું કે, સને ૨૦૧૬–૧૭ નું નાણાકીય વર્ષ ટુંક સમયમાં પુર્ણ થનાર છે ત્યારે આપની કચેરીનાં તાબા હેઠળ ચાલતી વિવિધ યોજનાઓ જેમ કે, પ્લાન, નોનપ્લાન, આઈસીએઆર, આઈસીએઆર ડેવલોપમેન્ટ, અધર એજન્સીઝ (રીવોલ્વીંગ બજેટ સદર– ૯૫૧૦ સહિત), કે.વી.કે.યોજનાનાં ખર્ચ/ આવકના *સને ૨૦૧૬–૧૭ નાં નાણાકીય વર્ષનાં માહે એપ્રિલ–૧૬ થી ડિસેમ્બર–૧૬ સુધીનાં ખર્ચ/આવકની* ઓનલાઈન એપ્રુવલ આપી જે તે બજેટ સદરે આવક તેમજ ખર્ચનો હવાલો નાંખવામાં આવેલ છે. તેમજ આપની કચેરી ધ્વારા પગારબીલમાંથી કરવામાં આવતી દરેક યુનિવર્સિટી કપાતને જે તે સદરે જમા/રીફંડ, ચલણ ધ્વારા જમા કરાવેલ વણવપરાયેલ નાણાંને જે તે બજેટ સદરે રીફંડ તરીકે લેવામાં આવેલ છે.

વધુમાં અત્રેની કચેરીએથી કરવામાં એન.એ.યુ. ફંડ તેમજ એન.એ.યુ.રીવોલ્વીંગ ફંડમાં થતાં બુકએડજસ્ટનાં ખર્ચ / આવકને જે તે સદરે જમા આપી ખર્ચનો હવાલો નાખવામાં આવેલ છે. જેથી ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ–૧૬ થી *ડિસેમ્બર–૧૬* સુધીનાં ઓનલાઈન હિસાબો સાથે આપની કચેરીમાં નિભાવવામાં આવતા ગ્રાન્ટ રજીસ્ટર, ખર્ચ રજીસ્ટર, આવક રજીસ્ટર, એડવાન્સીઝ, ડિપોઝીટ રજીસ્ટરોનાં ખર્ચ તેમજ આવકનું મેળવણું તાત્કાલિક અત્રેની કચેરીમાં રૂબરૂમાં રેકર્ડ લાવી તા. ૨૦.૧.૨૦૧૭ સુધીમાં કરાવી લેવા જણાવવામાં આવે છે. જેથી પાછળથી હિસાબોને લગતા પ્રશ્નો ઉપસ્થિત ન થાય.

ઉપરોકત પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૭.૧/ ૩૭૦૮ /૨૦૧૬
નવસારી. તારીખઃ–૩૧.૧૨.૨૦૧૬.

**નકલ સવિનય રવાનાઃ**

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ

૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ, ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય અમલ થવા સારુ.